રજૂ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ :૦૯/૦૩/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૪.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**
**ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૧/૨૦૨૬.**

**અરજદાર :– અશોકભાઈ ઉર્ફે અશોક ડામર શંકરભાઈ ઢો. પટેલ,**
રહેવાસી : રાજીવ નગર, ગલી નંબર : ૧,
સેન્ટ્રલ બસ સ્ટેશનની પાછળ, બારડોલી,
તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એ. એસ. પટેલ.**
**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦–૩૧૨૩૦૬૦૭/૨૦૨૩, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧,

૧૧૬(૨) મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી એ. એસ. પટેલની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. માત્ર શંકાના આધારે હાલના અરજદારને સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઈ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદારે સહઆરોપી પરેશભાઈ પટેલ સાથે મળી નિહાલી ગામના ખેતરાડી વગામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧,૯૨૦, કિંમત રૂ.૨,૦૪,૦૦૦/– નો જથ્થો ગેરકાયદેસર રીતે રાખેલ. આમ, અરજદારે મુદ્દામાલ જથ્થો બાતમીવાળી જગ્યાએ રાખી

સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ નિહાલી ગામના ખેતરાડી વગામાં રેઈડ કરતાં ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧,૯૨૦, કિંમત રૂા.૨,૦૪,૦૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદારે સહઆરોપી પરેશભાઇ પટેલ સાથે મળી બાતમીવાળી જગ્યાએ સંતાડી રાખેલ હોવાનો આક્ષેપ છે. નોંધનીય બાબત છે કે, હાલના કામે આરોપી/અરજદારને મારા પુરોગામી જજશ્રી દ્ધારા આગોતરા જામીન આપવામાં આવેલ, પરંતુ તેઓએ આગોતરા જામીન સબબની શરતોનું પાલન કરેલ ન હોવાથી શ્રી સરકાર દ્ધારા ફોજદારી પરચુરણ અરજી નંબર : ૯૨૯/૨૦૨૩ થી આરોપીના જામીન રદ્ કરવા સબબ અરજી રજૂ થતાં તે શ્રી સરકારની અરજી મંજૂર રાખી હાલના અરજદાર/આરોપીના જામીન રદ્ કરવામાં આવેલ. પાછળથી અરજદાર/આરોપીને બીજા ગુનાના કામે અટક કરવામાં આવતાં હાલના કામે પણ તેઓને કસ્ટડીમાં લેવામાં આવેલ છે. આરોપીને આપવામાં આવેલ કાયદાકીય રક્ષણનો તેઓએ દુરૂપયોગ કરેલ છે અને ગુનાહિત પ્રવૃત્તિમાં પોતાની સંડોવણી ચાલુ રાખેલ છે. હાલના કામે અરજદારે માતબર દારૂનો જથ્થો લાવી સંતાડી રાખી સદર ગુનામાં ભૂમિકા ભજવેલ છે તેવા આક્ષેપ ધ્યાને લેતાં અને પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં તેઓની ગુના સબબ

પ્રવૃત્તિશીલ રહેવાની વર્તણૂંક ધ્યાને લેતાં, તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં અરજદાર સામે અન્ય ૨૬ ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત જણાઇ આવે છે તે ધ્યાને લેતાં અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેવી પરિસ્થિતિએ હાલનો ગુનો બન્યો ત્યારથી અરજદાર નાસતા ભાગતા હતા અને અઢી વર્ષ ઊપરાંતના સમય બાદ અરજદારની ધરપકડ શક્ય બનેલ છે તે સંજોગોએ જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય અથવા ફરી આવા પ્રકારના ગુનાઓ આચરે તેવી શક્યતા રહેલી છે, જે હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. હાલમાં દારૂનાં વેચાણ ઉપર અંકુશ આવે તેવા સમાજનાં વિશાળ હિતને ધ્યાનમાં રાખી નામ. સરકારશ્રી દ્વારા દારૂબંધીનો કાયદો વધુ કડક કરવા માટે તેમાં સુધારો કરવામાં આવેલ છે તથા સજાની જોગવાઈમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં અરજદારે વિપુલ પ્રમાણમાં દારૂનો જથ્થો લાવી, સંતાડી રાખેલ હોવાની હકીકતને હળવાશથી લઇ શકાય નહીં. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી અશોકભાઇ ઉર્ફે અશોક ડામર શંકરભાઇ ઢો. પટેલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૧૯૧/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૯ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૯/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582